દાખલ તારીખ : ૦૧/૦૯/૨૦૨૫
રજુ તારીખ : ૦૧/૦૯/૨૦૨૫
ફેંસલ તારીખ : ૨૧ /૦૭/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ

---

**અમદાવાદ સીટીના ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૫ માં,**

---

**ક્રિમી. પ.અ. નં.૯૫૮૯/૨૦૨૫**
**આંક : ૬.**

---

**અરજદાર :** **જયોતિ રાકેશ રાઠોડ**
હાલ રહે.શિવમ એપાર્ટમેન્ટ, પરીક્ષીતલાલ નગરની સામે, બહેરામપુરા,અમદાવાદ.

**વિરુધ્ધ**

**સામાવાળા :**
(૧) **રાકેશ નરસિંહભાઈ રાઠોડ (પતિ)**
(૨) **વિજયાબેન નરસિંહભાઈ રાઠોડ (સાસુ**
(૩) **નરસિંહભઈ નાગજીભાઈ રાઠોડ (સસરા)**
તમામ રહે. ઈશ્વરલાલ અચરતલાલની ચાલી, પઠાણની ચાલી, અમદાવાદ.

**અરજ: ઘરેલું હિંસા સામે સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૧૨ મુજબ.**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી ડી.આર.વાલેરા**
**સામાવાળા તરફે વિ.વ.શ્રી –**

---

## -: <u>જજમેન્ટ</u> :-

**૧.** અરજદારની અરજીની હકીકત ટુંકમાં એવી છે કે , અરજદાર બેનના લગ્ન તા. ૨૮-૦૭-૨૦૨૧ ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધિ અનુસાર અમદાવાદ ખાતે પ્રેમ લગ્ન થયેલા જેનું રજીસ્ટ્રેશન દરીયાપુર વોર્ડના લગ્ન રજીસ્ટ્રારશ્રી સમક્ષ રજીસ્ટર્ડ કરાવેલ, તેઓ બંનેની એક જ જ્ઞાતિ હોવાથી ઘરમાં માતા પિતાને વાત કરતા સામાવાળા નં.૧ ના માતા, પિતા લગ્નનો ખર્ચ કરવા માંગતા ન હતા તેઓ ઇચ્છતા હતા કે સામાજીક રીતે લગ્ન ન થાય પરંતુ અરજદારના માતા, પિતાએ જણાવેલ કે સમાજના રીતરીવાજ મુજબ જ લગ્ન કરવાના છે એટલે દિકરીના સગપણનો રૂપિયો અને નારીયેળનો વ્યવહાર સામાજીક રીતે કરેલો અને ત્યારબાદ લગ્નનો ખર્ચ ન થાય તે હેતુથી સામાવાળાઓએ કાયદેસર રીતે જાન લઇને આવવાની ના પાડી દીધેલ તેથી નાછુટકે તેઓના માતા, પિતાએ ઉપરોકત લગ્ન રજીસ્ટ્રાર સમક્ષ નોંધાવવા પડેલા,લગ્ન બાદ તેણી સંયુકત કુંટુંબમાં રહેવા ગયેલ અને શરૂઆતમાં તેણીને સાસરીવાળાએ સારી રીતે રાખેલા, ત્યારબાદ ઘરમાં નાની બાબતમાં તેના સાસુ, સસરા રસોઇ બાબતે તેમજ ઘરના કામકાજ બાબતે તેને મેણાં ટોણાં મારતા અને અપમાનીત કરતા, તેના સાસુ કામકાજમાં વાંક કાઢી મેણાં મારતા કે તારી મા એ તને રસોઇ કરતા શિખવાડેલ નથી અને સામાવાળાને ચઢવણી કરતા આ અંગે તેમના સસરાને ફરીયાદ કરતા તેઓ પણ તેમના સાસુ તથા દિકરાનો પક્ષ લેતા અને ત્રણેય જણા એક થઇ અરજદારને શારીરીક માનસિક ત્રાસ આપતા, અરજદારના સાસુ મર્યાદાની બહાર ન કહી શકાય તેવા શબ્દો કહેતા કે " તુ મારા દિકરા સાથે સુવા માટે જ આવી છે " અને આ અંગે અરજદાર તેના પતિને કહેતા તેઓ અરજદાર સાથે ઝઘડા કરતા અને અરજદાર પિયરમાં હતા ત્યારે પ્રાઇવેટ નોકરી કરતા હતા ત્યારે અરજદારનો પગાર પણ લઇ લેતા હતા અને માનસિક ત્રાસ આપતા હતા અને સાસુ કહેતા કે જાડી બૈરી લાયા છો ગામડે ગયા ત્યારે લોકોની હાજરીમાં અરજદારને અપમાનીત કરી દીધેલા અને જીવન ઝેર કરી દીધેલ છે અને તેમની નોકરી છોડી દીધેલ . સામાવાળા નં.૧ અરજદારને લગ્ન બાદ બે થી

ત્રણ વાર કોઈપણ પ્રકારના વાંક ગુના વગર ઘરે મુકીને જતા રહેલ અને કહેતા કે તારે તારા મા બાપના ઘરે જ રહેવાનું તેમજ અગાઉ સુરેન્દ્રનગર તેણીને સામાવાળા એકલી મુકીને જતા રહેલા અને તેણી કઈ રીતે પરત ફરશે તેની પણ ચિંતા કરેલ નહીં જેથી સામાવાળા બેજવાબદાર વ્યકિત અને પતિ તરીકેની કોઈ ફરજ નિભાવતા નથી , તેમજ છેલ્લા ઘણા સમયથી તેણીને ફોન કરીને તથા અલગ અલગ માણસો ધ્વારા સમાચાર આપીને ધમકી આપે છે કે '' તુ મારા ઘરે આવતી રહે નહીં તો હું તને મારી નાંખીશ અને પછી હું જાતે મરી જઈશ તેવી ધમકીઓ વારંવાર આપે છે '' તેથી તેમને બહાર નીકળવું મુશ્કેલ બની ગયેલ છે. તેણીને તા.૧/૧/૨૦૨૫ ના રોજ કોઈપણ પ્રકારના વાંક ગુના વગર ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલ અને કંઈપણ ઘરમાંથી સરસામાન કે ચીજવસ્તુ આપેલ નહીં અને ત્યારબાદ તેમના માતા, પિતા અને સંબંધીઓ વચ્ચે પડતા પાછા તેણીને તેડી ગયેલ અને ફરીથી પાછુ તેમનું માનસિક શારીરીક ત્રાસ આપવાનું વર્તન ચાલી કરી દીધેલ અને છેલ્લે તા. ૨૬/૦૬/૨૫ ના રોજ તેણીને તેમના સાસુએ જણાવેલ કે '' તને મારા છોકરાનું મોં નહીં જોવા દઉં અને મારા ઘરમાં તને નહીં રહેવા દઉં નીકળી જા તેમ કહી પહેરેલ કપડે કાઢી મુકેલ'' તેણીએ રૂા.૧૦,૦૦૦/– ઓડાનું ફોર્મ ભરવા પૈસા આપેલા તે પૈસા સામાવાળાએ વાપરી કાઢેલ છે અને જે અંગેની તેણીએ ફરીયાદ કરતા તેમના સાસુએ તેમનો પક્ષ લઈ તેમને જેમ ફાવે તેમ બોલેલા અને તેને જણાવેલ કે તારે તારી બૈરી સાથે નહીં જમવાનું તારે અમારી સાથે જમવાનું તેમ કહી ઘરમાં બધાય તેને એકલી પાડી દીધેલ તેમજ તેણી તેમના પિતાના ઘરે હતા ત્યારે સામાવાળા આવીને બાઈકને નુકશાન કરી ગયેલ અને જે બાઈકના હપ્તા તેણીએ ભરેલ છે તેને લઈ જવા માટે જેમ ફાવે તેમ ગાળો બોલે છે અને ધમકી આપે છે. સને–૨૦૨૨ ની ઉત્તરાયણમાં તેઓ પિયર આવેલા ત્યારે સામાવાળા દારૂ પીને આવેલા અને જેમ ફાવે તેમ ગાળો બોલેલ કારણકે તેણી જયારે નોકરી કરતા ત્યારે સામાવાળાને બાઈક લઈ દીધેલ અને જેના ડાઉન પેમેન્ટ તેને ભરેલ અને તેના હપ્તા પણ તેણીએ નિયમીત રીતે જે તે વખતે ભરેલા , પરંતુ સામાવાળા તેણીના નોકરીના સ્થળે વારંવાર જતા અને તેને શાંતિથી નોકરી કરવા નહીં દેતા તેથી તેને નાછુટકે નોકરી છોડી દેવી પડેલ અને સામાવાળા કોઈપણ રીતે સુધરવાનું નામ લેતા

નહીં . સામાવાળા બ્લીન્કીટમાં વસ્ત્રાલ ખાતે નોકરી કરે છે અને મહિને રૂા.૩૦,૦૦૦/– જેટલું કમાય છે તેમજ તેમના સસરા સરકારી કર્મચારી હતા રીટાયર્ડ થયેલ છે માસિક રૂા.૪૦,૦૦૦/– જેટલું પેન્શન આવે છે. જેથી સામાવાળાના શીરે અરજદાર સિવાય અન્ય કોઈની ભરણપોષણની જવાબદારી નથી. જેથી માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

<u>૨.</u> અરજદારે, કલમ–૧૮ હેઠળ સામાવાળાઓથી રક્ષણનો(સુરક્ષા) હુકમ, કલમ–૧૯ હેઠળ રહેઠાણનો હુકમ, કલમ–૨૦ હેઠળ અરજદારના ભરણપોષણનો હુકમ કરવા, કલમ–૨૨ હેઠળ વળતરનો હુકમ તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તે હુકમ પસાર કરવા માટેની માંગણી કરેલી છે.

<u>૩.</u> આ કામના સામાવાળાઓ વિરુધ્ધ નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે જે અંગેનો ઈન્ડીયન પોષ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ અરજદાર તરફે પુરસીસથી રજુ કરેલ છે. સામાવાળાઓ જાતે કે તેમના વકીલ મારફતે હાજર થયેલ નથી. સામાવાળાઓ વિરુધ્ધ સદર અરજીની કાર્યવાહી એકતરફી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

<u>૪.</u> અરજદાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા સારુ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| <u>ક્રમ</u> | <u>આંક</u> | <u>વિગત</u> |
|---|---|---|
| ૧. | ૪ | અરજદાર જયોતિ રાકેશ રાઠોડની સરતપાસ એફીડેવીટ |
| ૨. | ૫ | અરજદારનું મિલકત અને જવાબદારી અંગેનું સોગંદનામું |

આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આપેલ નથી.

<u>૫.</u> ત્યારબાદ અરજદાર તરફે અરજદારની સરતપાસને જ દલીલ ગણવાની રજુઆત કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, સામાવાળાઓએ અરજદારને મારઝુડ કરી શારીરીક માનસીક ત્રાસ આપેલ છે. અરજદાર

તેમના માતા, પિતાના ત્યાં ઓશીયાળું જીવન જીવે છે, સામાવાળાને અરજદાર સિવાય અન્ય કોઈની ભરણપોષણની જવાબદારી નથી. જેથી અરજદારની માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે સામાવાળાને દલીલો કરવાની પુરતી અને વાજબી તક આપવામાં આવેલ હોવા છતાં સામાવાળા જાતે કે તેમના વિ.વકીલશ્રી હાજર થયેલ નથી કે તેઓ તરફે કોઈ રજુઆત કરેલ નથી જેથી દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે અને સદર કેસ હુકમ માટે રાખવામાં આવેલ છે.

**૬.** ઉપરોકત અરજીની હકીકતો અને રજુ કરવામાં આવેલ જવાબને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – : મુદ્દાઓ :–

(૧) શું અરજદાર એવું પુરવાર કરે છે કે, સામાવાળાઓએ અરજદાર ઉપર ધી પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ માં ઠરાવેલ કાનુની પ્રબંધો મુજબ કૌટુંબિક હિંસાનાં કૃત્યોનું આચરણ કરેલ છે ?

(૨) શું અરજદારો માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ આપું છું .

(૧) હકારમાં

(૨) અંશત: હકાર

(૪) આખરી હુકમ મુજબ

## કા ર ણો

**મુદ્દા નં.૧ :**

**૮.** આ કામના અરજદારે સામાવાળાઓ વિરૂધ્ધ ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અન્વયે દાદ માંગેલ છે, જે

સંબંધે અરજદારે સૌ પ્રથમ ઘરેલું હિંસાખોરી આચરેલ હોવાનું પુરવાર કરવું જોઇએ. જો આ મુજબ અરજદાર પુરવાર કરે તો તેના આધારે તેઓ આનુસંગિક દાદ મેળવવા હકકદાર બને છે. વધુમાં ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૩ માં કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યા આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**કલમ–૩** '' કૌટુંબિક હિંસાખોરી '' આ અધિનિયમના હેતુઓ માટે પ્રતિવાદી કોઇપણ કૃત્ય, કાર્યલોપ, ગુનો આચરવો કે વ્યવહાર કૌટુંબિક હિંસા ગણવામાં આવશે તે–

**(એ)** ભોગ બનનાર વ્યકિતના આરોગ્ય, સુરક્ષા, જીવન, અવયવ કે તેની સ્વસ્થતાને (માનસીક હોય કે શારીરીક ) નુકશાન કે ઇજા પહોંચાડે કે

તેને જોખમમાં મુકે અથવા તેમ કરવાનો ઇરાદો હોય અથવા તેમાં શારીરીક શોષણ, જાતીય શોષણ, મૌખિક કે ભાવનાત્મક શોષણ અને આર્થિક શોષણનો સમાવેશ થાય છે.

**(બી)** કોઇ દહેજ અથવા અન્ય મિલકત અથવા કિંમતી જામીનગીરી માટે

ગેરકાયદેસર રીતે માંગણીને પુરી કરવા માટે ભોગ બનનાર વ્યકિત અથવા તેની સાથે સંબંધ ધરાવતા વ્યકિત પર દબાણ લાવવો, ભોગ બનનાર વ્યકિતને નુકશાન પહોંચાડવો, તેના ઉપર અત્યાચાર કરવો, તેને ઇજા પહોંચાડવી કે ભયમાં મુકવો.

**(સી)** ખંડ (એ) તથા ખંડ (બી) માં જણાવેલ વ્યવહાર ધ્વારા ભોગ બનનાર વ્યકિત કે તેની સાથે સંબંધ ધરાવતી વ્યકિતને ધમકી આપવી.

**(ડી)** ભોગ બનનાર વ્યકિતને શારીરીક, માનસીક કે અન્ય કોઇ રીતે ઇજા પહોંચાડવી કે ઇજા પહોંચાડવાનું કારણ બનવું.

<u>૯.</u> ઉપરોકત વ્યાખ્યા તથા આવશ્યક તત્વો ધ્યાને લેતાં તેમાં શારીરીક અને માનસીક વિગેરે તમામ દુર્વ્યવહારોનો સમાવેશ થાય છે. વધુમાં, ઘરેલું હિંસા અધિનિયમની કલમ–૨૮(૧) ની જોગવાઇ ધ્યાને લેતાં, આ કાયદાની મહત્તમ જોગવાઇઓની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ મુજબ કરવાની રહે છે. આમ છતાં કલમ–૨૮(૨) માં જણાવ્યા મુજબ ઉપરોકત જોગવાઇઓને ધ્યાનમાં લીધા સીવાય કોર્ટ પોતાની રીતે કાર્યવાહી

કરવા પણ હકકદાર છે.

**<u>૧૦.</u>** ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૮, ૧૯, ૨૦ અને ૨૨ અંગેનો આદેશો મેળવતાં પહેલા અરજદારે કલમ-૩ માં જણાવ્યા મુજબની ઘરેલું હિંસા તેમની સાથે સામાવાળાઓએ આચરેલ હોવાનું સાબિત થવું આવશ્યક છે. આ કામે આંક-૪ થી રજુ અરજદારનો મૌખિક પુરાવો ધ્યાને લેતા આંક ૧ ની અરજીમાં અરજદારે જણાવેલ તમામ હકીકતોને સમર્થન મળી રહે છે.

**<u>૧૧.</u>** આ કામે અરજદાર તરફે સામાવાળા સામેનો કેસ પુરવાર કરવા માટે આંક-૪ થી અરજદારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સામાવાળા વિરુધ્ધ જે કોઈ આક્ષેપો કરેલા છે તેને સામાવાળા જાતે કે વકીલ મારફતે હાજર થઈ ઉલટતપાસ કરેલ નથી અને પોતાની ગેરહાજરી રહેવાની વર્તણુંકથી ગર્ભીત રીતે અરજદારના આક્ષેપોને કબુલ મંજુર રાખે છે તેમ માનું છું. આ સંજોગોમાં અરજદારે તેણીની એ પોતે ઘરની ચાર દિવાલમાં દુ:ખ ત્રાસ ભોગવેલો છે તેવી વ્યકિત અદાલતમાં આવી સોગંદ ઉપર હકીકત જણાવતા હોય તો તેને ન માનવાનું કોઈ કારણ મને જણાતું નથી અને તેથી આંક-૪ ની અરજદારની જુબાનીની હકીકતોને માનુ છું. જયારે સામાવાળા ધ્વારા કોર્ટમાં હાજર થઈ અરજદારની કોઈ ઉલટતપાસ કરેલ નથી કે કોઈ રજુઆત પણ કરેલ નથી જેથી સામાવાળા એવો કોઈ પુરવો રેકર્ડ ઉપર લાવેલ નથી કે જે અરજદારની વિશ્વસનીયતા ધટાડે. અરજદારની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી કારણકે કોઈપણ સ્ત્રી વગર કારણે આ પ્રકારના આક્ષેપો કરે જ નહી. લગ્ન બાદ સ્ત્રીનો સંસાર એ પતિનું ગૃહ કહેવાય છે સામાન્ય રીતે પરિવારમાં બોલાચાલી તો દરેક ઘરમાં થતી હોય છે, પરંતુ આવી સામાન્ય બોલાચાલીમાં કોઈ સ્ત્રી પોતાના પતિના ગૃહનો ત્યાગ ન કરે. આમ, અરજદાર તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં સામાવાળાઓ અત્રેની કોર્ટમાં હાજર થયેલ નથી. જેથી સામાવાળા ધ્વારા અરજદારની અરજીની હકીકતોનું ખંડન થઈ શકેલ નથી તેમજ સામાવાળા ધ્વારા અરજદારને શારીરીક માનસીક ત્રાસ આપેલ ન હોવા બાબતે મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ

પુરાવો રેકર્ડ પર ન હોય તેવા સંજોગોમાં સામાવાળાઓ ધ્વારા અરજદાર પર શારીરીક દુર્વ્યવહાર તેમજ જાતીય દુર્વ્યવહાર આચરેલ તે હકીકત પુરવાર થાય છે વધુમાં આ પ્રકારની અરજીઓમાં ચુસ્ત પુરાવાનો આગ્રહ રાખવાનો હોતો નથી અને તેવો પુરાવો રેકર્ડ ઉપર ન પણ મળી શકે કારણકે પારીવારીક હિંસા મહદઅંશે ચાર દિવાલની વચ્ચે આચરવામાં આવતી હોય છે. અરજદારે તેણીની અરજીમાં તેમજ સોગંદનામામાં જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં આ કામના અરજદાર માનસીક અને શારીરીક ત્રાસનો ભોગ બનેલ હોય તેવું માનવાને કારણ રહે છે. ઉપરાંત ડોમેસ્ટીક વાયોલન્સ એકટનો કાયદો ભારતીય બંધારણ અન્વયે બાંહેધરી અપાયેલ સ્ત્રીઓના અધિકારોનું વધારે અસરકારક રક્ષણ પુરુ પાડવા સ્ત્રીઓને કુટુંબની અંદર થતી કોઇપણ પ્રકારની હિંસાનો ભોગ બનતી મહિલાઓની સુરક્ષા માટે આ કાયદો ઘડવામાં આવેલ હોય, આ કાયદા પાછળનો રહેલ મુળભુત હેતુ તેમજ ઉપરોકત પુરાવાને આ કાયદાથી કલમ–૨(એ) મુજબ પીડીત વ્યકિત હોય તથા ઘરેલું સંબંધ અને પ્રતિવાદીની જોગવાઇઓ લક્ષમાં રાખતા તથા અરજદાર કાયદાની કલમ–૩ મુજબ કૌટુંબીક હિંસાનો ભોગ બનેલ હોવાનું જણાઇ આવે છે તે અન્વયે સામાવાળા ધ્વારા ઘરેલું હિંસાખોરી અરજદાર પર આચરવામાં આવેલાનું પુરવાર થાય છે જે અન્વયે **મુદ્ા નં.૧** નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્ા નંબર–૨</u>**

**<u>૧૨.</u>** આ કામે અરજદારે તેની અરજીમાં તથા પુરાવાનાં સોગંદનામામાં સામાવાળાની આવક બાબતે જે હકીકતો જણાવેલ છે તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરી કે અન્ય રીતે પુરવાર કરેલ નથી, ત્યારે એબલ બોડીના સિધ્ધાંત મુજબ સામાવાળા નં.૧ પુરતી આવકના સાધનો ધરાવી પુરતી આવક મેળવી શકે તેમ છે. વળી સામાવાળા તરફે અરજદારના જીવન ધોરણને અનુરુપ ભરણપોષણ કે અન્ય ખર્ચ અંગેની કોઇ વ્યવસ્થા કરેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલિત થતુ નથી કે અરજદારના રહેઠાણની વ્યવસ્થા કરેલ હોય તેવું ફલિત થતું નથી. પોતાની પત્ની, બાળકનું ભરણપોષણ કરવું એ દરેક પતિની નૈતિક ફરજ બને છે અને કાયદાએ એ

બાબતે માન્યતા પણ આપેલ છે તે સંજોગોમાં સામાવાળાએ અરજદાર અને તેમના સગીર સંતાનનું ભરણપોષણ જાતે ન કરતા, તકરારોને અનુરુપ જયારે તેઓ એકબીજાથી અલગ રહેતા આવેલ હોય, જીવન ધોરણ અંગે સામાન્ય અને પ્રાથમિક જરુરીયાતો અંગેના ખર્ચની રકમ સામાવાળાએ અરજદારને માસો માસ (દર મહીને) ચુકવી આપવી જોઇએ અને તે માટે બન્ને પક્ષકારોનું જીવન ધોરણ જોતા અરજી જોતા સામાવાળાની આવક બાબતે અરજદારે જે કાંઇ જણાવેલ છે અને સામાવાળાએ કોર્ટ રુબરુ હાજર રહી સદરહુ આવકની હકીકતને કે કોઇપણ હકીકતને પડકારેલ નથી ત્યારે બંને પક્ષકારો મધ્યમ વર્ગનું જીવન ધોરણ જીવતા હોવાનું હાલ પુરતુ અનુમાન કરવાનું રહે છે. અરજદારે પોતાની અરજીમાં સામાવાળા નં.૧ બ્લીંકીટમાં વસ્ત્રાલ ખાતે નોકરી કરી માસિક રૂા. ૩૦,૦૦૦/– હજાર કમાતા હોવાનું જણાવેલ છે અને પોતાના ભરણપોષણ પેટે માસિક રૂા.૧૦,૦૦૦/– તથા મકાન ભાડુ માસિક રૂા.૫,૦૦૦/– એમ મળી કુલ્લે રૂા.૧૫,૦૦૦/– ચુકવી આપવા તથા શારીરીક માનસિક ત્રાસના વળતર પેટે રૂા.૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ પુરા) ની માંગણી કરેલ છે. અરજદારે સામાવાળાની આવક બાબતેની કોઇ હકીકત કે કોઇ સચોટ પુરાવો રજુ કરેલ નથી તેનાથી વિરૂધ્ધ સામાવાળાએ કોર્ટ રૂબરૂ આવી અરજદારની અરજીની હકીકતોને પડકારેલ નથી. જેથી અરજદારની અરજીની હકીકતોને ન માનવાને કોઇ કારણ રહેતું નથી. બંને પક્ષકારોએ સામાવાળાની આવક બાબતેના કોઇ પુરાવા રજુ કરેલ ન હોય સામાવાળા નં.૧ ની અન્ય જવાબદારીઓ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ નથી. અરજદારને સામાવાળા નં.૧ નાએ અરજદારના ભરણપોષણ પેટે માસિક રૂા.૪૦૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર પુરા ) અરજી દાખલ થયા તારીખથી ચડે ચડયા ચુકવી આપવાનો તથા સામાવાળા નં.૧ નાએ અરજદારને ઘર ભાડા પેટે હુકમની તારીખથી માસિક રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા ) સામાવાળા નં.૧ નાઓ અરજદારને ચુકવી આપે તેવો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે .

<u>૧૩.</u> વધુમાં ડોમેસ્ટીક વાયોલેન્સ એકટમાં ઘરેલું હિંસાની હકીકત સાબિત થાય તો આજ કાયદામાં ઘરેલું હિંસાના ત્રાસના વળતરની પણ

વિશિષ્ટ જોગવાઇ ઠરાવવામાં આવેલી છે. એકંદરે હકીકત અને સંજોગો ધ્યાને લેતા સામાવાળાઓએ અરજદાર ઉપર ઘરેલું હિંસા આચરેલી છે. અરજદાર યુવાન વયની છે અને લગ્નજીવનનો ગાળો જોતા તે એટલો ગાળો છે કે જેમાં અરજદારે લગ્ન જીવન ટકાવવા અને નિભાવવા માટે વ્યાજબી સમય આપેલો છે અને તેથી તે સમયગાળો જોતા અરજદાર ઉપર જે ઘરેલું હિંસા આચરવામાં આવેલી છે તેના જીવનમાં મન અને મગજ ઉપર એવી છાપ લગ્નજીવન માટે છોડી જાય કે આજીવન તેણી તે ત્રાસમાંથી બહાર આવી શકે તેમ નથી, તેથી રૂપિયામાં ગમે તેટલું વળતર અપાવવામાં આવે તોપણ તેના જીવનનો ગયેલો સમય કદી પાછો આવવાનો નથી. પતિ તરીકે સામાવાળા નં.૧ એ પોતાની ફરજો વ્યાજબી રીતે નિભાવેલી હોત તો કદાચ આ પ્રકારના અનિષ્ઠ યાતનાઓ નિવારી શકાયા હોત તેથી સામાવાળા નં.૧ પાસેથી અરજદાર ઘરેલું હિંસાના ત્રાસના વળતર પેટે રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા )અપાવવામાં આવે તો તે વ્યાજબી અને ઉચિત છે તેમ હું માનું છું .

પરિણામે ઉપરોકત વિગતે કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબર–૨ નો જવાબ અંશત: હકારમાં આપી, મુદ્દા નંબર–૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું .

**//આ ખ રી હુ ક મ//**

//૧// અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

//૨// સામાવાળાઓએ અરજદાર પ્રત્યે શારિરીક માનસિક ઘરેલું હિંસાનું કોઇ કૃત્ય કરવું, કરાવડાવવું નહીં તેવો હુકમ કરવામાં આવે છે.

//૩// આ કામના સામાવાળા નં. ૧ નાએ અરજદારના ભરણપોષણ પેટે માસિક રૂપિયા ૪૦૦૦/–, (અંકે રૂપિયા ચાર હજાર પુરા ) મુળ અરજીની તારીખથી ચઢે ચઢયા ચુકવી આપવાનો

હુકમ કરવામાં આવે છે. અને જો અરજદાર અન્ય કોઇ જોગવાઇ મુજબ ભરણપોષણની રકમ મેળવતા હોય તો આ રકમ તે હુકમ મુજબ મળવાપાત્ર થતી રકમમાંથી સામાવાળા નં.૧ ને મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

//૪// સામાવાળા નં.૧ એ અરજદારને શારીરીક માનસિક ત્રાસ આપેલ હોય તેના વળતર પેટે રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

//૫// સામાવાળા નં.૧ એ અરજદારને માસિક રૂા.૧૦૦૦/- ( અંકે રૂપિયા એક હજાર પુરા ) મકાન ભાડા પેટે હુકમની તારીખથી નિયમિત દરમાસે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

//૬// સામાવાળાની કસુરના કારણે અરજદારે હાલની અરજી કરવાની ફરજ પડેલ હોય જેથી આ અરજી ખર્ચ પેટે રૂા.૨૦૦૦/- ( અંકે રૂપિયા બે હજાર પુરા )અરજદારને અલગથી સામાવાળાએ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને સામાવાળાએ પોતાને થયેલ ખર્ચ જાતે ભોગવવો તેવો હુકમ કરવામાં આવે છે.

//૭// આ હુકમની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ સારુ મોકલવી.

//૮// પક્ષકારોને સદરહું હુકમની નકલ મેળવવા અરજી કર્યેથી ઘરેલું હિંસાની કલમ-૨૪ મુજબ તેઓને આ હુકમની નકલ વિના મૂલ્યે પુરી પાડવી તેવો હુકમ કરવામાં આવે છે.

*આ હુકમ આજરોજ તા. ૨૧ માહે : જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.*

તા.૨૧/૦૭/૨૦૨૬ ( રઘુવિરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા)
અમદાવાદ. ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
(કોર્ટ નં.૧૫) અમદાવાદ શહેર.
*કોડ ન.જી.જે.૦૦૯૩૮*